ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
જાહેરનામા ક્રમાંક : જસર/૨૦૨૫/૫૦૯/પ્રોટોકોલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૪/૧૧/૨૦૨૬

વંચાણમાં લીધા : સા.વ.વિ.ના તા. ૨૭/૧૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંકઃ
GS/22/2025/JSR/2025/509/GH

જાહેરનામું :

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ જાહેરનામાથી કેલેન્ડર વર્ષ, ૨૦૨૬ માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે; તે મુજબ તા.૦૮/૧૧/૨૦૨૬, રવિવારના રોજ દિવાળીની જાહેર રજા, તા. ૧૦/૧૧/૨૦૨૬, મંગળવારના રોજ નૂતન વર્ષ દિનની જાહેર રજા તથા તા.૧૧/૧૧/૨૦૨૬, બુધવારના રોજ ભાઇબીજની જાહેર રજા છે; જ્યારે આ રજાઓ વચ્ચે તા. ૦૯/૧૧/૨૦૨૬, સોમવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ છે.

દિવાળી પર્વમાં સરકારી અધિકારી / કર્મચારીઓ પોતાના વતનમાં પરિવાર સાથે તહેવારની ઉજવણી કરી શકે તે હેતુસર તા.૦૯/૧૧/૨૦૨૬, સોમવારના રોજ તમામ સરકારી કચેરીઓ (પંચાયત અને રાજય સરકારના બોર્ડ / કોર્પોરેશન સહિત) બંધ રહેશે અને તેના બદલામાં તા.૨૮/૧૧/૨૦૨૬, ચોથા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે.

આ હુકમો ગુજરાત સરકારની બધી કચેરીઓને તથા રાજય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓને પણ લાગુ પડશે.

આ રજા વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની જોગવાઇઓ હેઠળ જાહેર કરેલ નથી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ્વ. ત્રિ.

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (પ્રોટોકોલ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

કમાંક : જસર/ ૨૦૨૫/ ૫૦૯/ પ્રોટોકોલ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૦૪/ ૧૧ / ૨૦૨૬

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે રવાના :

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, લોકભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. અધ્યક્ષશ્રી / માન. ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રી / માન. રા.ક. મંત્રીશ્રી / માન. સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. મુખ્ય દંડકશ્રી / માન. નાયબ દંડકશ્રી / માન. દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, માહિતી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતશ્રીની કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, સીવીલ સર્વિસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર – વિભાગ હેઠળની તમામ કચેરીઓમાં ઉક્ત જાહેરનામું પરિપત્રિત કરવાની વિનંતી સહ

પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર

માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જે.એમ.ભવન, ગાંધીનગર- (વર્તમાનપત્રોમાં જરૂરી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ)

સર્વે કલેકટરશ્રી

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી

સર્વે પોલીસ કમિશનરશ્રી / સર્વે પોલીસ અધિક્ષકશ્રી

HRMS સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (GSWAN/GADની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)

સિલેકટ ફાઇલ

(સંકેતસિંહ વાઘેલા)
ઉપસચિવ (પ્રોટોકોલ),
સામાન્ય વહીવટ વિભાગ,

- પત્ર દ્વારા.